# MSUમાં 42 દેશના વિદ્યાર્થીઓ સહિત 1700 વ્યક્તિએ યોગાભ્યાસ કર્યો

## MSUમાં ૮માં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઇ

**સંદેશ**

એમએસ યુનિવર્સિટીના પેવેલિયન મેદાન ખાતે આજે ૮ માં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં વાઈસ ચાન્સેલર ડો. વિજય કુમાર શ્રીવાસ્તવ સહિત પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પેવેલિયન ઉપરાંત ડીએન હોલ ગ્રાઉન્ડ ખાતે પણ યોગ દિવસની અલાયદી ઉજવણી કરાઈ હતી.

ભારત સહિત સમગ્ર વિશ્વમાં આજરોજ આઠમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં એમએસ યુનિવર્સિટી પણ જોડાઈ હતી. એમએસ યુનિવર્સિટી દ્વારા પહેલા ડીએન હોલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જોકે, વરસાદની પરિસ્થિતીને ધ્યાને રાખી ગઈકાલે મોડી રાતે કાર્યક્રમનું સ્થળ બદલી પેવેલિયન ખાતે મલ્ટી પર્પઝ હોલ કરાયું હતું. જોકે, છેલ્લી ઘડીએ સ્થળ બદલાતા સત્તાધીશો દ્વારા બન્ને સ્થળે યોગ દિવસની ઉજવણીની તૈયારી કરાઈ હતી.



પેવેલિયન ખાતે આવેલા મલ્ટી પર્પઝ હોલમાં વાઈસ ચાન્સેલર ડો. વિજય કુમાર શ્રીવાસ્તવ સહિત પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યાં એક્સપેરીમેન્ટલ સ્કૂલના વિદ્યાર્થીઓ પણ યોગ દિવસમાં જોડાયા હતા. બીજી તરફ ડીએન હોલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે પણ વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ યોગાભ્યાસ કર્યો હતો. યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં ૪૨ દેશના વિદ્યાર્થીઓ સહિત પ્રાધ્યાપકો મળી કુલ ૧૭૦૦ વ્યક્તિએ આજે યોગાભ્યાસ કર્યો હતો.